RNI REG. NO. GUJGUJ17191/78857

કચ્છીઓનું કચ્છ માટે દરરોજ પ્રગટ થતું કચ્છ કેર પી.ડી.એફ ન્યુઝ

Kutch Care News

# કચ્છ કેર ન્યુઝ

DAILY
દૈનિક

હિતેશ સોની ૯૨૨૮૧૩૮૬૪૫

kutchcarenews@gmali.com

તંત્રી શ્રી હિતેશ જે સોની, વર્ષ: ૦૨ : અંક: ૬૨: ભુજ : તારીખ. ૦૧-૦૬-૨૦૨૧, મંગળવાર, પાનાં નં.૬, મો. ૯૨૨૮૧૩૮૬૪૫

Editor Mr. Hitesh .J. soni, Year 02, Edition:62,Date:01-06-2021, tuesday, Page: 06,Mo.9228138645

## કાકાની શશી

કનૈયાલાલ માણેકલાલ મુન્શી

મુનશી સફળ નવલકથાકારની સાથે સફળ નાટકકાર પણ છે તેનો પુરાવો આપતું સદ નાટક છે "કાકાની શશી'. આ નાટક મુનશીન સફળ નાટકકાર તરીકે તો સ્થાપિત ર દી કરે જ છે સાથે સાથે તે રંગભૂમિ પર પણ સફળ નીવડ્યું છે. મુનશીનાં જે નાટકો તત્કાલીન સમયમાં કૉલેજિયનોમાં પ્રિય રહ્યાં હતાં તેમાં ૬ ય "કાકાની શશી'નું સ્થાન ટોચ પર છે. "કાકાની શશી' મુનશીનું સુખાન્ત સામાજિક નાટક છે. લગ્નનો પ્રશ્ન નાટકમાં કેન્દ્ર ફે" પદ સ્થાને છે. લગ્ન જેવા પ્રશ્નને મુનશીએ હાસ્યના તત્વને આધારે રજૂ કરવાનો પ્રયત્ન કયો છે. આ નાટકની કથા વિશે મુનશીએ "સ્વપ્ન સિદ્ધિની શોધ' પુસ્તકમાં લખ્યું છે કે પોતે પંચગનીમાં જે બંગલામાં રહેતા હતા તે બંગલાના માળી અને તેની પત્નીની કથાનો આધાર લઈ તેમણે આ નાટક રચ્યું છે. મૂળ કથામાં ઘણા બધા ફેરફારો કરી મુનશીએ સ્ત્રી પુરુષ સંબંધ, સ્ત્રી સ્વતંત્રતા, પુરુપાનો સ્ત્રીઓ પ્રત્યેનો દૃષ્ટિકોણ, સ્ત્રીઓની નિર્બળતા જેવા વિષયોને રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. માનવ સ્વભાવના સારા-ખરાબ ગુણોને મુનશીએ સહજતાથી રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. પ્રહસન હોવા છતાં, તેમાં ફાર્સનાં ઘણાં તત્ત્વોનો અભાવ હોવા છતાં ઈલ્સન શૈલીનું આ નાટક સફળ નાટકોમાં સ્થાન પામ્યું છે. લગ્ન જેવા ગંભીર પ્રશ્નને પણ હાસ્યના માધ્યમથી મુનશીએ ખૂબ માર્મિકતાથી રજૂ કર્યો છે. મુનશીના આ નાટકની પ્રશંસા કરતાં પ્રા. વિનોદ અધ્વ્યુંએ લખ્યું છે : "કાકાની શશી પરંપરાગત વ્યવસાયી રંગભૂમિ અને સાહિત્યિક નાટક વચ્ચે સેતુરૂપ છે, તો પરંપરાગત અને અર્વાચીન નાટક વચ્ચેની પણ એ કડી છે."

સંકલન : એચ.જે.સોની
આભાર : માહિતી ખાતું ગુજરાત

કોરોના મહામારી ચાલી રહી છે. તેવામાં નાના મોટા ધંધાર્થીઓ ની ખૂબ ઓછા પ્રમાણમાં કમાણી થઈ રહી છે.

તેવામાં કચ્છ કેર ન્યૂઝ 1 મહિના માટે ફ્રી જાહેરાત આપે છે.

કચ્છ કેર ટીવી ન્યૂઝ 24/7 લાઈવ

તેમજ 1 મહિના બાદનું પેકેજ ફક્ત રૂ, 3000 માં પટ્ટી જાહેરાત વિડીયો જાહેરાત તેમજ દરરોજ પેપરમાં જાહેરાત પ્રકાશિત કરવામાં આવશે. જાહેરાત આપવા માટે અમારા સંપર્ક નંબર : 9484991404

# સાતલપુર ના જંગલ વિસ્તારમાં ઘૂડખરો ના મોત ઘુડખર અભ્યારણ ને અડીને આવેલ જંગલ વિસ્તારમાં ઘુડખર ના કંકાલ મળ્યા



પાટણ જિલ્લાના સાતલપુર તાલુકામાં આવેલ ઘુડખર અભ્યારણ નજીકના જંગલ વિસ્તારમાં પાંચ જેટલા ઘુડખરના મોત થયા હતા ત્રણ ચાર દિવસ પહેલા મૃત્યુ પામેલ ઘુડખરના કંકાલ જંગલ વિસ્તારમાં પડયા હોવાનું માલુમ પડતા નિંદ્રાધીન જંગલખાતું દોડતું થયું હતું અને જંગલમાં ઘુડખરના કંકાલો ની તપાસ શરૂ કરી હતી

સાંતલપુર તાલુકા ને અડીને આવેલ રણ વિસ્તાર ઘુડખર અભ્યારણ તરીકે પ્રસિદ્ધ છે અહી વસતા ઘુડખર ના નીભાવ માટે જંગલખાતા ના અધિકારીઓની સ્પેશિયલ પોસ્ટ આપવામાં આવેલી છે પરંતુ ઘુડખર ની સાર સંભાળ બાબતે જંગલખાતાના અધિકારીઓ દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતાને કારણે ઘુડખર માટે ઘુડખર અભ્યારણ જોખમકારક બન્યું છે સાતલપુર તાલુકા ના મઢુત્રા અને રોઝ વચ્ચે આવેલ જંગલ વિસ્તારમાં પાંચ જેટલા ઘુડખરના મોત થયા હોવાનું સ્થાનિક લોકોને ધ્યાને આવતા જંગલ ખાતાના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. જંગલ ખાતાના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી સામૂહિક ઘુડખરના મોતના સમાચારથી ઘોર નિંદ્રા માં પોઢેલા જંગલખાતાના અધિકારીઓ તપાસ હાથ ધરવામાં આવી હતી. સાતલપુર આર.એફ.ઓ એ બે ઘુડખરના કુદરતી મોત થયા ની વાત સ્વીકારી હતી. પરંતુ સાતલપુર ના વાઈલ્ડ લાઈફ એક્ટિવિસ્ટ કનૈયાલાલ રાજગોર દ્વારા પાંચ ઘુડખર ના મોત થયા હોવાનું જણાવવામાં આવ્યું હતું. તેઓએ ઘટના બાબતે વધુમાં જણાવ્યું હતું કે ઘુડખર ના મોત થયો તે વિસ્તાર કચ્છ ડેઝર્ટ વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી ના ઈકો સેન્સીટીવ ઝોન મા આવે છે જ્યારે સાતલપુર નોર્મલ રેન્જ ની ૧.૬ કી.મી ત્રિજ્યામાં છે અને ઘૂડખર અભયારણ્યની ૧ કી.મી ની ત્રિજ્યામાં ઘટના બનેલી છે આ વિસ્તારમાં અંદાજે દસ હજાર એકર જમીન ઉપર ભૂમાફિયાઓ દ્વારા કેપ્ચરીગ થયેલ છે જે બાબતે અમારા દ્વારા લેખિત રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ જંગલખાતા દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી જેન લઈને ઘૂડખરો ને અહી રહેવું મુશ્કેલ બન્યું છે ઘૂડખરો ના મોતનું રહસ્ય જંગલખાતા દ્વારા ઉકેલવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે રિપોર્ટ બાય : ભરત સથાવારા પાટણ

# રાપર શહેરમાં વિતરણ કરવા નું ચાર લાખનું સેનેટાઈઝર ને પગ આવ્યા.....?



રાપર શહેર મા ભારતીય જનતા પાર્ટી ની સરકાર ને સાત વર્ષ પૂર્ણ થતાં માજી ધારાસભ્ય પંકજ મહેતા એ પોતાના ટ્રસ્ટ મારફતે રાપર શહેરના સાત વોર્ડ મા પરિવાર દીઠ રુ. ૨૯૯/= ની એક બોટલ એવી બે હજાર બોટલ વિતરણ કરવા માટે રાપર નગરપાલિકા ના એક જવાબદાર હોદ્દેદારના પતિ ને આપી હતી. જ્યારે ભાજપ સરકાર ના સાત વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે રાપર શહેર ના સાત વોર્ડ ના ભાજપ ના તમામ સદસ્યો ને સભ્ય દિઠ ૨૫ બોટલ આપવા મા આવી હતી અને પચાસ બોટલ શહેર ની મુખ્ય બજારમાં એટલે કે કુલ ચારસો જેટલી બોટલ વિતરણ કરવામાં આવી હતી. ઉપરાંત થોડી ઘણી બોટલ અન્ય પદાધિકારીઓ વિતરણ માટે લઈ ગયા હતા. તો ભાજપના સદસ્યો અને પદાધિકારીઓ મા થતી ચર્ચા મુજબ ચૌદસો થી પંદર સો જેટલી બોટલ કે જે અંદાજે ચાર લાખ જેટલી થાય છે. તે બોટલો એક દોઢ નેતાએ પગ કરાવી ગઈ છે. રાપર શહેરમાં લોકો ને પરિવાર દીઠ એક બોટલ સારી કંપની નું પાંચ લાખ થી વધુ કિંમત નું સેનેટાઈઝર માજી ધારાસભ્ય પંકજ મહેતા એ વિતરણ કરવા માટે આ મહિલા પદાધિકારી ના પતિ ને જવાબદારી આપી હતી. જેમાં આ મહાશય સેનેટાઈઝર વિતરણ સમયે પણ પોતાના તરફ થી આપવામાં આવ્યું. એવો પ્રચાર માધ્યમો સમક્ષ કર્યો હતો. આ ચૌદશો જેટલી સેનેટાઈઝર ની બોટલ રાપર શહેર મા શહેર ના પરિવાર જનો ને આપવા ની જગ્યાએ આ પોતાના મળતીયા બે ત્રણ સદસ્યો દ્વારા રાપર મા લગ્ન પ્રસંગે આવેલા મુંબઈગરા ને સેનેટાઈઝર ની બોટલ ની લ્હાણી કરી હતી. આમ માજી ધારાસભ્ય દ્વારા રાપર શહેર મા વસતા બે હજાર પરિવારો ને સારી ક્વોલિટી નું સેનેટાઈઝર આપવા ની જગ્યાએ મુંબઈગરા ને વિતરણ કરવામાં આવતા રાપર શહેર મા લોકો મા અને નગરપાલિકાના સદસ્યો તેમજ ભાજપ ના નેતાઓ મા ચર્ચા નો વિષય ઉદભવયો છે. આમ શહેરીજનો ને આંબા આમલી બતાવનાર રાપર ના આ કહેવાતા નેતાઓ ના લીધે ભાજપ ના નેતાઓ ને નિંચાજોણુ થયું છે.

# દાહોદ જિલ્લામાં અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નવા ૧૪૮ શિક્ષકોની નિમણુંક

### કલેક્ટર શ્રી વિજય ખરાડીએ નવનિયુક્ત શિક્ષકોને નિમણુંકપત્ર આપી શુભેચ્છાઓ પાઠવી



રાજયમાં અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી અન્વયે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા નિમણુંક હુકમ આપવા માટેનો ઓનલાઇન કાર્યક્રમ યોજાયો હતો ત્યારે દાહોદ જિલ્લામાં પણ નવનિયુક્ત થયેલા ૧૪૮ શિક્ષકોને નિમણુંક આપવા માટેનો કાર્યક્રમ જિલ્લા સેવા સદન ખાતે યોજાયો હતો. જે પૈકી કલેક્ટર શ્રી વિજય ખરાડીએ ૧૫ શિક્ષકોને નિમણુંક પત્ર આપી શુભેચ્છાઓ આપી હતી. કલેક્ટર વિજય ખરાડીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, નવનિયુક્ત શિક્ષકોએ જિલ્લામાં શિક્ષણના સ્તરને નવી ક્ષિતિજો આપવા પોતાની તમામ શક્તિઓ લગાવી દેવાની છે. આ માટે વહીવટી તંત્ર હંમેશા તેમની પડખે રહેશે. શિક્ષક વિદ્યાર્થીનું ભાવિ ઘડે છે, શિક્ષક વિદ્યાર્થી માટેની આજીવન પ્રેરણા બને છે. માટે દરેક શિક્ષકે ઉચ્ચ મૂલ્યો અનુસરીને વિદ્યાર્થીઓ માટે આદર્શરૂપ બનવું જોઈએ.

અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે ૧૪૮ શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે તેમાં જિવવિજ્ઞાનના ૪, રસાયણશાસ્ત્રનાં ૧, કોર્મસના ૨, કોમ્પ્યુટરનાં ૨, અર્થશાસ્ત્રના ૯, અંગ્રેજીના ૪૩, ભૂગોળનાં ૧, ગુજરાતીના ૧૬, હિન્દીનાં ૧૦, ઈતિહાસનાં ૮, તત્વજ્ઞાનનાં ૪, ભૌતિક વિજ્ઞાનનાં ૨, મનોવિજ્ઞાનનાં ૭, સંસ્કૃતનાં ૧૫, સમાજશાસ્ત્રનાં ૨૪ શિક્ષકોની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા સેવા સદન ખાતે ૧૫ શિક્ષકોને નિમણુંકપત્ર આપ્યા બાદ બાકીના શિક્ષકોને એન.ઇ. જીરૂવાલા પ્રાથમિક શાળા, દાહોદ ખાતે નિમણુંકપત્ર આપવામાં આવ્યા છે.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડાયેટના પ્રાચાર્ય શ્રી રાજશાખા, જિલ્લા શિક્ષણાધિકારી સુ શ્રી કાજલબેન દવે, જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી સુ શ્રી સુનિતાબેન, અનુદાનિત શાળાના સંચાલકો સર્વ શ્રી મુકેશભાઇ પરમાર, શ્રી ગોપાલભાઇ ધાનકા, સુ શ્રી અંજલિબેન પરીખ ઉપસ્થિત હતા. રિપોર્ટ બાય : અનવર ખાન પઠાણ

# અંજાર પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી બોગસ ડોક્ટર પકડી પાડતી અંજાર પોલીસ



સરહદી રેન્જ ભુજના મહે.પોલીસ મહાનિરીક્ષક સા.શ્રી જે.આર. મોથાલીયા તથા પુર્વ-કચ્છ ગાંધીધામના પોલીસ અધિક્ષક મયુર પાટીલ પુર્વ કચ્છ ગાંધીધામ નાઓ તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.એસ.વાઘેલા અંજાર વિભાગ અંજારનાઓની સૂચના આપેલ કે હાલમા વેશ્વીક મહામારી કોવિડ ૧૯(કોરોન?)ની બિમારો ફેલાયેલ હોય જેથી જીલ્લામા ડીગ્રી વગરના(બોગસ) ડોકટરો શોધીકાઢી તેઓના વિરુધ્ધ કાર્યવાહી કરવા જણાવેલ હોય જેથી આજરોજ પી.આઇ એમ.એન .રાણા નાઓએ તાબા ના માણસો સાથે અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પી.આઇ એમ.એન.રાણાનાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે અંજાર થી વર્ષામેડો જતા રોડ પર વેલ્સ્પન કંપનીથી આગળ દરગાહ સામે આવેલ અરીહંતનગરના કોલ્પ્લેક્ષમાં શોપ નં-૧૭-૧૮ વાળા મા નામ વગરનુ દવાખાનુ ચલાવે છે જેથી તાત્કાલીક મેડીકલ ઓફીસર ડો.રાજીવ અંજારોયા નાઓને બોલાવી પંચો સાથે બાતમી વાળી જગ્યાએ રેઇડ કરો ડિગ્રી વગરના બોગસ ડોક્ટર ને પકડી પાડેલ છે

## ગઢશીસા ગામ માં શ્રી વિમલનાથ દાદા ની ધ્વજા નો વાર્ષિક ઉત્સવ સાદાઈ પૂર્વક ઉજવવામાં આવ્યો



માંડવી ગઢશીસા હાઈવે રોડ પર આવેલ શ્રી વિમલ ગુણ પુષ્પધામ(વિમલ રેસિડેન્સી)મધ્યે પરમ પૂજ્ય સાધ્વીજી ભગવંત શ્રી જીતગુણા શ્રીજી મહારાજ સાહેબ ની નિશ્રા માં ગઢશીસા ના શ્રી ગોવિંદજી લાલજી ગડા પરિવારે ધ્વજારોહણ નો લાભ લીધો અને કોરોના જેવી ભયંકર બીમારી ના કારણે આ કાર્યક્રમ સરકાર શ્રી ના ગાઈડલાઈન મુજબ બહુજ ટૂંક માં ને ઓછી સંખ્યા માં અને સોસીયલ ડિસ્ટન્સ માસ્ક પહેરી અને સેનેટાઈઝર સાથે રાખી ને ખુબ સાદાઈ થી ને ઉત્સાહ પૂર્વક વિમલનાથદાદા નો ધ્વજા રોહણ ઉત્સવ ઉજવવામાં આવ્યો નહિ તો આ પ્રસંગે મુંબઈ વસતા ગઢશીસા તેમજ ગઢશીસા વિસ્તાર ના ઘણાબધા જૈન ભાઈઓ આ ઉત્સવ માં જોડાય પરંતુ આ વખતે સરકાર શ્રી ના ગાઈડલાઈન ને ધ્યાન માં રાખી ને આ ઉત્સવ ઉજવવામાં આવ્યો તેમ ગોવિંદજીભાઈ ગડા એ જણાવ્યુ અને આ પાવન પ્રસંગે નગરશેઠ વીરેન પ્રભુલાલ શાહ ગઢશીસા વાળા એ ચાંદી નો શ્રીફળ પ્રભુજી ને અર્પણ કર્યો ને આ કાર્યક્રમ માં ખુશાલ લીલાધર ગાલા કોટડા(રોહા) વસંતભાઈ લાલજી ગડા રતિલાલ લાલજી ગડા અનિલભાઈ ઠાકરશી પાસડ શેરડી વાળા પૂજારી લક્ષ્મીચંદ સંગાર હિતેશ મૉતા ના સાથ સહકાર થી ઉજવવામાં આવેલ હતો અને આ સમગ્ર કાર્યક્રમ નું વિધિકાર અને સંગીતકાર નિકેશ દેઢિયા એ સંચાલન તેમજ આભાર વિધિ કરેલ હતી રિપોટબાય:દિલીપજોષી સાથે દિલીપસિંહજાડેજા કચ્છકેર ટીવી ન્યુઝ ગઢશીસા

## ભુજ મરઘા ઉછેર કેન્દ્રમાં થયેલ કેબલ ચોરીના વણશોધાયેલ ગુન્હાને ગણતરીના દિવસોમાં શોધી આરોપીઓને પકડી પાડતી ભુજ શહેર બી ડીવીઝન પોલીસ



મ્હે.પોલીસ મહાનિરીક્ષક જે.આર.મોથલીયા ,બોર્ડર રેંજ,ભુજ તથા સૌરભસિંઘ પોલીસ અધિક્ષક,પશ્ચિમ કચ્છ,ભુજ તથા નાયબ પોલીસ અધિક્ષક જેએએન.પંચાલ ની સુચના મુજબ પો.સ્ટે ખાતે દાખલથયેલ વણશોધાયેલ ગુન્હાઓ શોધવા માટે જરૂરી સુચના આપેલ. જે અનુસંધાને ભુજ શહેર બી.ડીવીજન પોસ્ટેના ’પો.ઈન્સશ્રી આર.ડી ગોજીયા નાઓના માર્ગદર્શન હેઠળ ભુજશહેર બીડીવીઝન પોલીસસ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૧૨૬૦/૨૧ આઇ.પી.સી.ક.૩૭૯ મુજબનો ગુન્હો તા,૨૯/૦૫/૨૦૨૧ ના ક.૧૪:૫૦ વાગ્યે જાહેર થયેલ જે ગુના કામે જીલ્લા મરઘા વિસ્તરણ કેન્દ્ર,ખાવડારોડ,એરફોર્સ સામે ભુજમાં ગઇ તા,૦૩/૦૫/૨૦૨૧ ના ક.૦૭/૩૦ થી તા,૦૫/૦૫/૨૦૨૧ ના કલાક ૦૯/૦૦ વાગ્યાના કોઈપણ સમયે મરઘા વિસ્તરણ કેન્દ્રમા આવેલ બોરવેલ મોટરમાંથી સ્ટાટરમાં જોડેલ આશરે ૮૦ થી ૧૦૦ મીટર જેટલો વાયર આશરે કિ.રૂ.૩૦,૦૦૦/- વાળા ની કોઇ ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોઈજે કામે અલગ-અલગ ટીમો બનાવી તેમજ હ્યુમન રીસોર્સીસ તેમજ ટેકનીકલ સર્વેલન્સ નો ઉપયોગ કરી સદરહુ વણશોધાયેલ ગુન્હો ત્વરીત શોધી કાઢવા સારુ સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા. તે દરમ્યાન એ.એસ.આઇ પંકજકુમાર.આર.કુશવાહા નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલકે અગાઉ વાયર ચોરીમાં તથા મો.સા.ચોરીમાં પકડાયેલ અમીન કાસમ નોડે તથા સુલતાન મીઠુ સનાએ કરી હોઇ અને બિજો કોઇ ગુન્હો કરવાની પેરવીમાં છે. તેવી બાતમી હકિકત મળતા મજકુર બંન્ને ઈસમોને રાઉન્ડપ કરી પો.સ્ટે લાવી મજકુર ઈસમો પર સી.આર.પી.સી.કલમ.૧૦૯ મુજબની કાર્યવાહી કરી મજકુર બંન્ને ઈસમોની યુક્તિ-પ્રયુક્તિથી પુછપરછ કરતા ઉપરોક્ત ચોરી કર્યાની કબુલાત આપતા હોઇ જેથી મજકુર ઈસમોને નામદાર કોર્ટની ગાઇડલાઇન મુજબ કોવિડ-૧૯ સારૂ મોકલાવી આપતા મજકુર બંન્ને નો કોવિડ૧૯ નો રીપોર્ટ નેગેટીવ આવતા આજરોજ ક.૧૯:૦૦ વાગ્યે અટક કરેલ છે. તથા આકામેની આગળની તપાસ પો.સબ.ઈન્સ.વી.આર.ઉલ્વા નાઓ ચલાવી રહેલ છે.

## કે.એ.પી.એસ. કવિ સંમેલનમાં મંગરા પ્રાથમિક શાળાના શિક્ષિકા ઝળકયા



નેશનલ કે.એ.પી.એસ સંમેલનમાં ગુજરાતની શિક્ષિકા દિપીકાબેન દિનેશભાઈ એ પોતાનું આગવું પ્રદર્શન કર્યું હતું. નેશનલ કવિ સંમેલનમાં વિવિધ રાજ્યોમાંથી ગુજરાત, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, દિલ્હી, હરિયાણા વગેરે રાજ્યમાંથી આઠ કવિઓનું સિલેક્શન થયું હતું જેમાં મુન્દ્રા માં આવેલ મંગરા પ્રાથમિક શાળાના દિપીકાબેન દિનેશભાઈ વણકરની કવિતા સિલેક્ટ થઇ છે. આ કવિ સંમેલનમાં તેઓએ આપણા ગુજરાતને ગૌરવ અપાવી નેશનલ લેવલે માતૃભાષામાં પોતાની કવિતા નું પ્રદશન કર્યું હતું. કોરોનાની મહામારી માં શિક્ષણ માં આવેલ ફેરફારને અનુલક્ષીને બાળકોને ઓનલાઇન શિક્ષણ મેળવવાનો ઉત્સાહ વધારતી એક કવિતાનું સર્જન કર્યું છે. તેનું શીર્ષક ઓનલાઇન શિક્ષણ છે. દિપીકાબેન કોરોના કાળ દરમિયાન બાળકો શિક્ષણથી વંચિત ના રહે એના માટે ઓનલાઈન શિક્ષણ બાળકોને આપ્યું હતું. તેમજ તેમણે પણ ઘણા બધા ઓનલાઇન સર્ટીફીકેટ મેળવ્યા છે. તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વેબીનારમાં પણ ભાગ લઇ ગૌરવ વધાર્યું છે.












કોવિડ મહામારી માં એમ્બ્યુલન્સ, શબવાહિની તથા ચોમાસા ને અનુલક્ષીને ભુજ નગરપાલિકા ના ફાયર શાખા ના કન્ટ્રોલ રૂમ માટે પ્રમુખ શ્રી ઘનશ્યામ રસિક ભાઈ ઠક્કર દ્વારા ફાયર બ્રિગેડ ને નવું ફોનઃ ૯૯૨૫૧૭૦૫૨૪ સપ્રેમ ભેટ આપવામાં આવેલ છે. જેમાં ફાયર ઓફિસર અનિલભાઈ મારૂ, સચિન પરમાર,સાવન ગોસ્વામી હાજર રહ્યા હતા.

## ટીમરડા ગામમાં કોરોના સામે રસીકરણની સમીક્ષા કરતા કલેક્ટરશ્રી તથા ડીડીઓશ્રી



ગામમાં આશા વર્કર્સ,આંગણવાડી કાર્યકર અને સરપંચો દ્વારા જનસંપર્કની પ્રભાવી કામગીરી કરવા સૂચન વિજય ખરાડી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચિત રાજ કોરોના વાયરસ સામે કવચ આપતા વેક્સીનેશનની ચાલી રહેલી કામગીરીની સ્થળ સમીક્ષા કરવા માટે ટીમરડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચ્યા હતા. ત્યાં ગામમાં ચાલી રહેલી રસીકરણની કામગીરી પ્રત્યક્ષ નીહાળી હતી અને આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓને મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા.

આ બન્ને અધિકારીઓ ટીમરડા ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉપર વેક્સીનેશનની કામગીરી નીહાળી હતી. કેટલાક લાભાર્થીઓ સાથે સંવાદ પણ સાધ્યા હતો. જેમાં તેમણે વેક્સીન લેનાર વ્યક્તિને જણાવ્યું હતું કે આ કોરોના વાયસરની ઘાતક અસરોથી બચવા માટે વેક્સીન અકસીર ઈલાજ છે. એટલે ગામમાં જે વ્યક્તિ વેક્સીન લે એ બીજા વ્યક્તિને પણ રસી લેવા માટે પ્રેરણા આપે એ જરૂરી છે. શ્રી ખરાડી તથા શ્રી રાજે સ્થાનિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓને વેક્સીનનો સંપૂર્ણ ઉપયોગ થાય એ રીતે સેશનનું આયોજન કરવું જોઈએ. આ માટે અગાઉથી જ લાભાર્થીઓને જાણ કરવામાં આવે અને નિયત સમયે આરોગ્ય કેન્દ્ર ઉપર આવીને વેક્સીન લઈ લે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. તેમણે લક્ષ્યાંક મુજબ રસીકરણની કામગીરી થાય તે માટે ગામમાં આશા વર્કર્સ,આંગણવાડી કાર્યકર અને સરપંચો દ્વારા જનસંપર્ક કામગીરી પ્રભાવી રીતે થાય એ જોવા પણ આરોગ્યકર્મીઓને કહ્યું હતું. રિપોર્ટ બાય : અનવર ખાન પઠાણ

## દબાણ હટાવવા મીદયાડી મહેશ્વરી સમાજ ઉપવાસ પર બેસયા



અંજાર તાલુકાના મીદયાડી ગામે રે.સ.નં. ૨૯૦ માં એ.૨.૦૦. ગુઠા જમીન ગામતળ છે. તે જમીન પર માથાભારે લોકો નું દબાણ કરવામાં આવ્યું છે. જેના કારણે અનુસૂચિત જાતિના અરજદારોના મંજૂર થયેલા પ્લોટ ગ્રામ પંચાયત દ્વારા ફાળવવામાં આવતા નથી. આથી આ ગામ તડ પર થયેલ દબાણ દૂર કરવામાં નહી આવે અને અનુસૂચિત જાતિ ના અરજદારોને ન્યાય નહી મળે ત્યાં સુધી જિલ્લા કલેકટર શ્રી ની કચેરી સામે મીદયાડી મહેશ્વરી સમાજ ઉપવાસ પર બેસસે. રિપોર્ટ બાય : તેજસ પરમાર





































## કચ્છ કેર ન્યુઝ

**સ્પષ્ટતા**

દર્શકો ને જણાવવાનું કે કચ્છ કેર માં પ્રસિદ્ધ થયેલ કોઈ પણ જાહેર ખબર કે ન્યુઝ મા જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંબંધે વિજ્ઞાપનદાતા એ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી વિજ્ઞાપનદાતા ની રહેશે. કચ્છ કેર ની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહિ. દર્શકો એ પોતાની રીતે પુરતી તપાસ કરી પોતાની જવાબદારી એ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.









M. 97235 75814
શ્રી હરિ પ્રિન્ટીંગ
shriharicomputermobile@gmail.com
• લેટેસ્ટ કંકોત્રી
• લેટરપેડ
• બીલબુક
• વિઝીટીંગ કાર્ડ
• બેનર પ્રિન્ટ
• નોન વુવન બેગ
ચોવીસી પોઈન્ટ, દુકાન નં. ૩, મુન્દ્રા રોડ, કેરા, તા. ભુજ-કચ્છ.

M. 97235 75814
SHRI HARI COMPUTER & MOBILE
• New Mobile Sales & Service
• Mobile Accessories • Laptop

Nilesh Mehta
+91 98 259 60703
Palak Mehta
+91 832 063 6388
Mans Wear
Wedding Collection
Mans Accessories
IN n OUT
'Dev Prem', Chhathi Bari Ring Road, Bhuj-Kutch. 370001

કિશોર ડી.ઠક્કર
મો.૯૯૨૫૭ ૪૮૮૦૯
જલારામ રેડીમેઈટ સ્ટોર
જેન્ટસવેર લેડીઝવેર ચિલ્ડ્રનવેર હોઝીયરી
બાલાપણના સ્પેશ્યાલીસ્ટ
ધોઠીયા,ચાદર,દુવાલ,મચ્છરદાની,ગોદડીના સેટ
શરાફ બજાર,ખાદી ભંડારની બાજુમાં,ભુજ-કચ્છ.

પ્રવિણચંદ્ર વી. ખંડોલ
૯૪૨૮૮ ૯૭૨૭૨
પુજા સારીઝ
સાડીઓના હોલસેલ વેપારી
વાગડ બે-ચોવીસી સમાજવાડીની બાજુમાં, ગોવાળ શેરી, ભુજ-કચ્છ. ૩૭૦૦૦૧.

Shital M. Soni
Mo. 98251 76082
63510 04195
Soni Rasikbhai Jewellers
Dealers in : Gold & Silver Ornaments
Kansara Bazar Chowk, Bhuj - Kutch. Tel. : 02832 (S) 224107 (R) 220678

Nilesh Mehta
+91 98 259 60703
Raju Mehta
+91 98254 76070
Sir g
a man's footwear showroom
Man's Footwear & Accessories
'Dev Prem', Chhathi Bari Ring Road, Bhuj-Kutch. 370001

કલ્પેશભાઈ
94291 85017 I M: 70416 37912
જય કિશાન એગ્રો સીડ્સ
દરેક સ્ટાન્ડર્ડ કંપનીની જંતુનાશક દવા તથા હાઈબ્રીડ બિયારણના વિક્રેતા
દુ.નં. ૭, હોટલ ટ્રી ટોપ રેસીડેન્સી, શ્રી રામ વે બ્રિજ સામે, માધાપર-અંજાર હાઈવે, નવાવાસ, માધાપર, તા. ભુજ-કચ્છ.

મોહિતભાઈ 63510 01914
અમિતભાઈ 99791 28798
મનીષભાઈ 972344 1535
નવા તથા જુના મોબાઈલ મળશે.
સાંઈકૃપા એન્ટરપ્રાઈઝ
મોબાઈલ એસેસરીઝ ડાઉનલોડ રીચાર્જ રીપેરીંગ લેમીનેશન
જય અંબે કોમ્પલેક્ષ,શોપ નં.123,જુના બસ સ્ટેન્ડ પાછળ,આદિપુર-કચ્છ.

Anil Doshi
98790 81338
Jitesh Doshi
93748 17133
Anil Handicrafts
Mfg. of Kutchi Print Lungi Bed Sheet Bandhani Suit Batik Suit Shawl Kurti Dress Materials
Opp. Vagad Be Chovisi Samajwadi, Vagad Samajwadi Road, Waniawad, Bhuj-Kutch. Ph: 02832 - 250636

પરાગ આર. સોની 9428294468
|| શ્રી હરિ ||
રજનીકાન્ત એસ. સોની 9879321252
કાર એ.સી. એ.સી., ફ્રીઝ, ડીપ ફ્રીઝ, વોટરકુલર વગેરેનું સંતોષકારક રીપેરીંગ કામ કરનાર
સોની રેફ્રિજરેશન
જ્યુબેલી કોલોની, શ્રદ્ધા બાલ મંદિર, ડો. આચાર્યની બાજુમાં, ભુજ-કચ્છ.

Imityaz Khatri
98255 53468
97149 05536
Saif Auto Garage
All Types of 2 Wheeler Repairing & Consultant
Checking of 2-3 Wheeler Armature Available Here
Specialist Mechanic of Royal Enfield
Airport Road, Near Ashabapir Dargah, Bhuj-Kutch.

મનોજ સોની 98799 28066
શ્રી જ્વેલર્સ
છઠ્ઠીબારી રીંગ રોડ, તળાવ શેરી ચાર રસ્તા, ભુજ-કચ્છ.

જગુભાઈ M. 98799 29225 O. 257225
|| શ્રી આશાપુરા મા ||
• દુધની મીઠાઈઓ
• દેશી ઘી ની મીઠાઈઓ
• બંગાળી મીઠાઈઓ
• શ્રીખંડ / નમકીન્સ તેમજ અન્ય વેરાયટી
કૃપાલી સ્વીટ
જૂની શાક માર્કેટ સામે, ભુજ - કચ્છ.

Ravirajsinh V. Jadeja
Mob.:98 98 98 66 25
75 67 53 11 11
Shree Momay Krupa Enterprise
King of All Brands Mobile Wholesale & Retailer
G-12,Jantagar Hotel Building, Bus Station Road, Bhuj-Kutch.

શ્રી ૧૧
મહેક કલેક્શન
ટોપ, કુર્તી, લેગીન્સ, જેગીન્સ, જીન્સ, વનપીસ
વિરેન્દ્ર શાહ M.96877 48369
છઠ્ઠીબારી રીંગ રોડ, ભુજ-કચ્છ.

M. 98256 62202
MAYUR Raymond
ROOPAM
રૂપમ
વાણિયાવાડ, ભુજ

ભરતભાઈ 94286 84419
નિરવભાઈ 96019 36014
ઓમ ટાઈલ્સ
ડીલર:
વોલ, ફ્લોર, વિટરીફાઈડ ટાઈલ્સ અને ઓલ સીરામીક લેમીનેશન ડોર, સેનેટરીવેર, ઈન્ટર લોક
હોલસેલ અને રીટેલ શોરૂમ
૪, ટ્રિટોપ રેસીડેન્સી, માધાપર-અંજાર હાઈવે, માધાપર, તા.ભુજ-કચ્છ. ૩૭૦ ૦૨૦

M. 9099271344 / 7016742557
મોહન રોટીવાલા
દાબેલીનો સ્પે. મસાલો અને મસાલા સીંગ મળશે
રાજકોટ નાગરિક બેંકની સામે હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ.

Mo. 91065 69274
RB Jeans
જીન્સ, ફોર્મલ પેન્ટ, શર્ટ, ટી-શર્ટ,

RMW
Ramya
MENS WEAR

|| Momay Krupa || || Shree Ganeshay Namah || || Dev Krupa ||
Dhaval D. Gor
Mo: 99793 58781
Bright Childrenwear
Chock Faliya, Old Vegitebal Market, Bhuj-Kutch

